(Tauktae વાવાઝોડું)
વર્ષ: ૨૦૨૧-૨૨ના અંદાજપત્ર (મહેસૂલ)માંથી SDRF હેઠળ ગ્રાન્ટ ફાળવવા બાબત

ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ,
**હુકમ ક્રમાંક: બજટ/૧૦૨૦૨૧/૧૮૮/સ-૪**
સચિવાલય, ગાંધીનગર
તા.૨૫/૦૫/૨૦૨૧

વંચાણે લીધા:
(૧) નાણા વિભાગનો તા.૦૩.૦૪.૨૦૨૧નો પરિપત્ર ક્રમાંક:અપબ/ ૧૦૨૦૨૦/ ૧૧૧/ ક
(૨) મહેસૂલ વિભાગનો તા.૨૭.૦૪.૨૦૧૫ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩
(૩) મહેસૂલ વિભાગનો તા.૧૮.૦૩.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૧૨/૨૫૩/સ.૩
(૪) મહેસૂલ વિભાગનો તા. ૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: સીએલએસ/૧૦૨૦૨૧/૪૬૮/સ.૩
(૫) મહેસૂલ વિભાગનો તા. ૩૦.૦૬.૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : સીએલએસ/૧૦૨૦૧૭/GOI-42/સ.૩
(૬) મહેસૂલ વિભાગની ફાઇલ ક્રમાંક: CLS/102021/472/S-3 પર મળેલ State Executive Committeeની મંજૂરી.

**હુકમ :**

Tauktae વાવાઝોડાથી અસરગ્રસ્ત થયેલ વ્યકિતઓને માંગણી ક્રમાંક: ૭૯, મુખ્ય સદર: ૨૨૪૫ હેઠળના પેટા મુખ્ય સદર-૦૨ (પુર, વાવાઝોડું)હેઠળના પેટા સદરો જેવા કે, કેશ ડોલ્સ સહાય, માનવ મૃત્યુ/માનવ ઈજા સહાય, પશુ મૃત્યુ સહાય, ઘરવખરી સહાય, મકાન ઝુંપડા સહાય, બચાવ કામગીરી પરિવહન તથા કાદવ અને કચરો સાફ કરવાના સદરે કુલ રુપિયા **૨૨૦૩.૫ લાખ (અંકે રૂપિયા બાવીશ કરોડ ત્રણ લાખ પાંચ હજાર પુરા)**ની ગ્રાન્ટ SDRFમાંથી ફાળવવા વંચાણે લીધા (૬)થી State Executive Committeeએ મંજૂરી આપેલ છે.

આથી નીચેના કોષ્ટકમાં વિગતવાર દર્શાવ્યા મુજબના વિવિધ પેટા સદરોમાં જિલ્લાવાર કુલ રુપિયા **૨૨૦૩.૫ લાખ (અંકે રૂપિયા બાવીશ કરોડ ત્રણ લાખ પાંચ હજાર પુરા)ની ગ્રાંટ** નીચેની શરતોને આધીન ફાળવી આપવામાં આવે છે.

(રૂ.લાખમાં)

| ક્રમ | જિલ્લાનું નામ | કેશ ડોલ્સ (૦૨-૧૧૧-૦૨) | | માનવ મૃત્યુ અને માનવ ઈજા સહાય (૦૨-૧૧૧-૦૨) | | પશુ મૃત્યુ સહાય (૦૨-૧૦૫-૦૩) | | ઘર વખરી સહાય (૦૨-૧૦૧-૦૪) | | મકાન/ઝુંપડા સહાય (૦૨-૧૧૩-૦૩) | | ટ્રાન્સપોર્ટ ચાર્જ અને રેસ્ક્યુ ઓપરેશન (૦૨-૧૧૧-૦૧) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C4 | C5 | C5 |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) |
| 1 | અમરેલી | ૯૫૦ | ૫૦ | - | - | | | ૭૦૦ | ૧૦૦ | - | - | ૨૦ |
| 2 | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૪ | - | ૬૦ | - | ૯૬ | - | ૨૨૦ | - | - |
| 3 | ભાવનગર | - | - | - | ૩.૫ | - | - | - | - | - | - | - |
| કુલ | | ૯૫૦ | ૫૦ | ૪ | ૩.૫ | ૬૦ | - | ૭૯૬ | ૧૦૦ | ૨૨૦ | - | ૨૦ |
| કૂલ સરવાળો | | ૨૨૦૩.૫ લાખ | | | | | | | | | | |

**શરતો:-**

➢ માંગણી ક્રમાંક :૭૯, મુખ્ય સદર : ૨૨૪૫-૦૨-૧૧૧-૦૧(કેશ ડોલ્સ)અંગેની સહાય વંચાણે લીધેલ ક્રમ (૪)પર જણાવેલ તા.૧૯.૦૫.૨૦૨૧ના ઠરાવ મુજબ રોકડેથી ચૂકવવાની રહેશે, અન્ય તમામ

સદરોની સહાય વંચાણે લીધેલ ક્રમ (૫)ના ઠરાવની જોગવાઇ મુજબ DBT અથવા PFMS મારફતે જ ચૂકવવાની રહેશે.

- આ હૂકમથી ફાળવવામાં આવેલ ગ્રાન્ટની લાભાર્થીઓને ચૂકવણી કરતી વખતે વંચાણે લીધા (૨)ની જોગવાઇઓ/શરતોનું પાલન કરવાનું રહેશે.
- ફાળવેલ ગ્રાન્ટ અંગેના વપરાશનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- આ હુકમથી ફાળવવામાં આવેલ SDRF હેઠળની ગ્રાન્ટ તથા અન્ય યોજના હેઠળની ગ્રાન્ટ સાથે બેવડાય નહિ તેની તકેદારી રાખવાની રહેશે.
- આ હુકમથી ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ કરનાર અધિકારીશ્રીઓને જવાબદાર ગણવામાં આવશે. ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ મોડામાં મોડા ચાલુ નાણાકીય વર્ષની ૧૦મી માર્ચ સુધીમાં પૂર્ણ કરી અત્રે જાણ કરવાની રહેશે. જે અંગેની જાણ નહીં કરવામાં આવે તો ગ્રાન્ટ ૧૫ મી માર્ચે પરત મેળવી લેવામાં આવશે.
- આ અંગેના તમામ હિસાબો રાહત નિયમકની મુખ્ય હિસાબી અધિકારીશ્રીની કચેરીના હસ્તકની આર.એ.સેલને નિભાવવાના થતા હોઇ,કરેલ ખર્ચના હિસાબો પછીના માસની પાંચ તારીખ સુધીમાં રાહત નિયામકશ્રીની કચેરી,ગાંધીનગરને અચૂક મોકલવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જયેશ પંચાલ)
સેકશન અધિકારી
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર

પ્રતિ,
કલેકટરશ્રી, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર

**નકલ રવાના :**

- એકાઉન્ટન્ટ જનરલશ્રી ,અમદાવાદ/રાજકોટ
- નાયબ એકાઉન્ટન્ટ જનરલશ્રી,ઑડીટ ભવન સામે, નવરંગપુરા, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ઑડીટ-૧, એનેક્ષી બિલ્ડીંગ, રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર
- સેકશન અધિકારીશ્રી(સ-૩) શાખા તરફ જાણ સારૂ.
- મુખ્ય હિસાબી અધિકારીશ્રી, રાહત નિયામકશ્રીની કચેરી, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ